# ઓરી રસીકરણ અભિયાનમાં ૩૦ લાખ બાળકો રક્ષિત

ગાંધીનગર, તા. ૧૯

ઓરી એ જાહેર આરોગ્યની સમસ્યા છે. ઓરી હોવી રોગ છે. તે ઓરીનાં વાયરસના કારણે હવા દ્વારા ફેલાય છે. સમગ્ર દેશમાં ઓરીથી દર વર્ષે એક લાખ બાળકો મૃત્યુ પામે છે. ઓરી અટકાવવા મૃત્યુ ઘટાડવા રસી આપવી જરૂરી છે. ઓરી અટકાવવા સામુહિક રસીકરણ ઝુંબેશ કરેલ છે.

૯ માસથી ૧૦ વર્ષના બાળકોને ગુજરાતમાં ત્રીસ લાખ બાળકોને રસી આપેલ છે.


ઓરી રસીકરણ અભિયાનથી માહિતગાર કરવા શિક્ષકો સાથે ચર્ચા પ્રચાર પ્રસારની કામગીરી કરેલ છે. રસીકરણને વિશ્વ આરોગ્ય સંસ્થા અને યુનિસેફ દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે.

## બાલવાની પરિણીતાએ હેર ડાય પી લીધી..!

કલોલ, તા. ૧૯

કલોલ તાલુકાના બાલવા વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષીય બે સંતાનોની માતાએ ગઈકાલે રાત્રે ગરબા ગાઈને ઘરે આવ્યા બાદ ત્રણ વાગ્યે સુપરમોલ વાસ્મોલ હેર ડાય ગટગટાવી લઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ત્રણ વર્ષનો લગ્નગાળો ધરાવતી તેજલ જીલુભાઈ દંતાણીએ કયા કારણોસર આપઘાત કરી લીધો તે રહસ્ય હજુ અકબંધ છે. કલોલ ડીવાયએસ કે. એસ. સવાણીએ આ સંદર્ભે સઘન તપાસ શરૂ કરી છે.

## શબ્દાવલી - ૪૮૭૬




**આડી ચાવી**

૧. બરડાની ઉભી હારમાળા (૩)
૪. બરબાદ (૪)
૬. માગવાવાળો (૩)
૭. ખાતાવાર હિસાબ નોંધવાનો ચોપડો (૪)
૧૧. કાયદો (૩)
૧૨. ધનવાન, પૈસાદાર (૪)
૧૩. પતિ, ધણી (૨)
૧૪. શુકન, શકન (૩)
૧૬. રાક્ષસને.... પણ કહેવાય (૩)
૧૮. એક કપડાં ધોવાનો જાણીતો સાબુ (૩)
૧૯. રીસીપ્ટ, પહોંચ (૩)

**ઊભી ચાવી**

૧. આશ્ચર્યનો બનાવ (૩)
૨. દર્દનો પ્રકાર (૨)
૩. સિંહની ત્રાડ, ગર્જના (૩)
૪. ટૉયલેટ, સંડાસ (૪)
૫. શ્રીકૃષ્ણનું એક નામ (૩)
૮. એક સુપ્રખ્યાત ગવૈયો (૪)
૯. હલકાઇ, લાંછન (૪)
૧૦. રંગ (૨)
૧૧. પરાક્રમ, લુચ્ચાઈનું કામ (૫)
૧૨. સારવાર, સંભાળ (૪)
૧૫. ગુણને હિન્દીમાં... કહેવાય (૨)
૧૬. ગલી, પોળ (૨)
૧૭. ઉધરસ (૨)

### શબ્દાવલી ૪૮૭૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) અભિરંજક (૪) કેદ (૬) જન (૭) કડીયા (૮) મેષ (૧૦) ગજ (૧૧) ષટકોણ (૧૫) પરમ (૧૬) જરશી (૧૭) વાદ (૧૮) નકાબ (૨૧) બાટ (૨૨) કકળાટ (૨૩) નવાણ

**ઊભી ચાવી :-** (૧) અનિમેષ (૨) રંજ (૩) જનગણમન (૪) કેડીયું (૫) દયા (૯) ષટપદ (૧૨) કોર (૧૩) ગાજ બટન (૧૪) વશીકરણ (૧૭) વાચક (૧૯) કાબા (૨૦) મોળા

## સેકટર-૨એ માં આનંદના ગરબા

ગાંધીનગર, તા. ૧૯

ભાવનાબેન ગોકલાણીના આનંદના ગરબાનું આયોજન આવતીકાલે તા. ૨૦મી ઑકટોબરના રોજ બપોરે ૧ થી ૪ દરમિયાન જવંલતભાઈ ત્રિવેદીના નિવાસ સ્થાન પ્લોટ નં. ૨૭/૧, સેકટર-૨એ, સ્વામીનારાયણ મંદિર પાસે કરવામાં આવ્યુંછે. માઈભક્તોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવવામાં આવ્યું છે.

# ડ્રાઈવરોનો પગાર પોતાના ખિસ્સામાંથી કરવા મંત્રીઓને સુચના અપાઈ

ગાંધીનગર, તા. ૧૯

મંત્રીઓને તેમની ગાડીના ડ્રાઈવરનો પગાર હવે સરકારના બદલે પોતાના ખર્ચમાંથી કરવા તેમજ લાયસન્સવાળા હથીયાર હોઈ તો તે જમા કરાવવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલા અત્યંત વિશ્વાસપાત્ર સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થઈ જતાં તમામ જિલ્લાઓમાં લાયસન્સવાળા હથિયાર ધારકોને તેમના હથીયારો ચૂંટણી દરમ્યાન જમા કરાવવા માટે જિલ્લાતંત્ર દ્વારા નોટીસો પાઠવવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો રાજ્ય સરકારના કેટલાક ધારાસભ્યો અને મંત્રીઓ પણ લાયસન્સવાળા હથિયાર ધરાવે છે. આ મંત્રીઓને તેમની પાસે લાયસન્સવાળા હથિયાર હોય તો તે જમા કરાવવા માટેની સૂચના ગત મંત્રીમંડળની મળેલી બેઠકમાં આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત ચૂંટણી આચારસંહિતાનો ભંગ ન થાય અને કોંગ્રેસને કોઈ ચૂંટણી મુદ્દો ન મળે તે માટે તમામ મંત્રીઓને તેમની ગાડીના ડ્રાયવરોનો પગાર આ મહિનાથી સરકારમાંથી ચૂકવવાના બદલે પોતાના ખીસ્સામાંથી ચૂકવવા માટેની પણ સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રોપાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મંત્રીઓને તેમના પ્રભારી જિલ્લાઓની તેમજ તેમના મત વિસ્તારોની બુથ સમિતિઓની યાદીઓ તૈયાર કરીને પ્રદેશ નેતાગીરીને સોંપવા પણ સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# ડિસેમ્બર સુધીમાં શહેરના માર્ગો ચકાચક બનાવી દેવાશે

## સે. ૨ અને સે. ૧૯માં કામ ચાલુ : સે. ૨૦ થી ૩૦ના માર્ગોની દરખાસ્ત પડતર

ગાંધીનગર, તા. ૧૭

શહેરમાં ચોમાસાના અંતે માર્ગ નવીનીકરણનું અધુરૂ કામ સરૂ કરી દેવાયું છે. સે. ૧ થી ૫ તેમજ સે. ૬ થી ૧૯માં રસ્તા સુધારણાનું કામ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરી દેવાશે. જ્યારે સે. ૨૦થી ૩૦ના આંતરિક માર્ગોનું નવીનીકરણ હાથ ધરવાની દરખાસ્ત અટવાયેલી રહેતા કામગીરી અટવાઈ પડી છે.

શહેરના મુખ્યમાર્ગો સહિત સેકટરોના આંતરિક માર્ગોને સુધારવા ચોમાસા પૂર્વે પાટનગર યોજના વિભાગ દ્વારા સે. ૧ થી ૫ માં આંતરિક માર્ગોની સુધારણાનું કામ શરૂ કરી દેવાયું હતું. જ્યારે વરસાદે વિદાય લીધા બાદ હાલ માર્ગ નવીનીકરણની કામગીરી તેજ બનાવી દેવાઈ છે. નવવિકસિત વિસ્તારમાં હાલ સે. ૨-ડી ખાતે રસ્તાનું કામ ચાલી રહ્યું છે. ચાર વર્ષના સમયગાળા બાદ હાથ ધરાયેલી આ કામગીરી પાછળ અંદાજિત રૂ. ૮ કરોડનો ખર્ચ નિયત કરાયો છે. આ ઉપરાંત સે. ૬ થી ૨૦માં પણ તબક્કાવાર આંતિક માર્ગોને ચકાચક બનાવવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જેના અનુસંધાને હાલ સે. ૧૯માં માર્ગ સુધારણાનું કામ ગતિમાં હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. આ ઉપરાંત શહેરના મુખ્ય ઘ માર્ગને ટનાટન બનાવી દેવાયા બાદ ખાસ મરામત હેઠળ ચ-માર્ગને પણ ચકાચક બનાવવાનું કામ હાથ ધરવામાં આવનાર છે. પરંતુ સે. ૨૦થી ૩૦ના આંતરિક માર્ગોની કામગીરી સંદર્ભે તંત્રકક્ષાએથી વિભાગને રજૂ કરાયેલી દરખાસ્તને મંજુરી ન અપાતા કામ અટવાયુ છે. શહેરમાં ડીસેમ્બર પૂર્વે માર્ગ નવીનીકરણની મોટાભાગની કામગીરી પૂર્ણ કરી દેવાશે.

## આજે સેક્ટર-૬ માં ૧૫૧ દિવાની આરતી તથા માથે સાંબેલા કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૯

નવરાત્રી પર્વ દરમિયાન ૬ઠ્ઠાં નવરાત્રીનાં દિવસે લક્ષ્મીપુરા ગામનાં બાબુભાઈ પટેલ ૧૫૧ દિવાની આરતી પોતાના શરીર ઉપર ધારણ કરી આરતી ઉતારશે. માતાજીનો વેશ ધારણ કરી માથે સાંબેલા સાથે ગરબો મુકી ઘુમશે. તા. ૨૦ મી ઑકટોબરે સેકટર-૬ માં અંબાજી મંદિર ખાતે યોજાશે. કિશનભાઈ બ્રહ્મભટ્ટ પ્રમુખશ્રી, અંબિકા સેવા ટ્રસ્ટે જણાવેલ છે.

## બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા ૨૦મીએ ગરબા સ્પર્ધા

ગાંધીનગર, તા. ૧૯

સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા પરંપરાગત ફરતાં ગરબા સ્પર્ધા વયજૂથ પ્રમાણે તા. ૨૦મી ઑકટોબરે ડૉ. આંબેડકર હૉલ સેકટર-૧૨ ખાતે રાખવામાં આવેલ છે. ગરબામાં ભાગ લેવા માટે બ્રહ્મ બહેનોએ સંપર્ક કરવા પ્રમુખે જણાવેલ છે. આશાબેન ભટ્ટ : ૯, તેજસ સોસાયટી, સેકટર-૨૩, અંજનાબેન ગોર, ૧૨૫/૨, સેકટર-૬બી, જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય, પ્લોટ નં. ૪૯૭/૨, સેકટર-૫ ની નીશાબેન જોષી, બ્લોક નં.૫૪/૧, ઘ-ટાઈપનો સંપર્ક સાધવો.

## સેક્ટર-૩૦, જ-ટાઇપમાં સવાસો દિવાનું બખ્તર પહેરી આરતી કરાશે

ગાંધીનગર, તા. ૧૯

સેકટર-૩૦ કેટેગરી-૨માં નવરાત્રી મહોત્સવ દબદબાપૂર્વક યોજાયેલ છે. જેમાં તા. ૨૦મી ઑકટોબરે રાત્રે સવાસો દિવડાનું બખ્તર પહેરીને આરતી જયેન્દ્રસિંહ રમલાવત ઉતારશે. તો આદર્શનો ધર્મપ્રેમીઓએ લાભ લેવા જણાવેલ છે.

# કાનૂની શિક્ષણ શિબિરમાં કડી કેમ્પસની વિદ્યાર્થીનીઓએ રસપ્રદ પ્રશ્નો કર્યા

## સ્ત્રી હક્ક, રક્ષણ, મિલ્કત અંગેના પ્રશ્નો સંદર્ભે કાયદાકીય જોગવાઈ અંગે સમજણ અપાઈ

ગાંધીનગર, તા.૧૯

કડી કેમ્પસમાં વિદ્યાર્થી મિત્રોને મહિલાઓના અધિકારો, હક્કો, ફરજો અને મળતા રક્ષણ ઉપરાંત કાયદાકીય જોગવાઈઓ સંદર્ભે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

જિલ્લા કાનૂની સેવા સમિતિ તેમજ શહેર વસાહત મહામંડળના ઉપક્રમે કડી કેમ્પસ સંચાલિત વિમેન્સ ડેવલપમેન્ટના સહયોગથી વિદ્યાર્થીનીઓને કાયદાકીય જોગવાઈઓ અંગે સમજ આપવા કાનૂની શિક્ષણ શિબિરનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ગ્રામ્ય કક્ષાએ જમીન મિલકતમાં સ્ત્રીઓને હિસ્સો, રક્ષણ અને માહિતી અધિકારનો ઉપયોગ કરવામાં પડતી મુશ્કેલીઓ સંદર્ભે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. ૧૮ વર્ષની ઉંમરના વાહનચાલકોથી થતા અકસ્માતમાં થતી ઈજા કે મૃત્યુમાં કોની જવાબદારી, ઘરેલું હિંસા, મહિલાઓની ફરિયાદ પોલીસ ન લે તો શું કરવું? વગેરે પ્રશ્નો સંદર્ભે વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન અપાયું હતું. આ તબક્કે એડીશનલ સિવિલ જજ ડી.એ. પારેખ, એડવોકેટ ડી.એમ. પ્રજાપતિ, કે.ડી. વીડજા, સુનીતાબેન લીવાણી, લતાબેન ચોકસીએ મહિલાઓને સ્પર્શતી બાબતો અંગે સમજણ પૂરી પાડી હતી.

## બે ટ્રકો ઝડપાઈ

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

મોટા ચિલોડા થઈ અમદાવાદ તરફ કતલખાને લઈ જવાતા હોવાની બાતમી મળી હતી. આઈશરમાં વાછરડાઓને દોરડાથી મજબુત રીતે બાંધી દેવાયેલા હતા અને તેની ઉપર થર્મોકોલના કોથળા ઢાંકી દેવાયા હતા. અત્યંત દયનીય સ્થિતિમાં લઈ જવાતા વાછરડાઓ પૈકી એક વાછરડાનું ગુંગળામણથી મૃત્યુ થઈ ગયું હતું જ્યારે ત્રણ વાછરડાઓને હાલ સારવાર માટે મોકલી અપાયા છે. ચિલોડા પોલીસે સલીમ ઈબ્રાહીમ શેખ રહે. નારોલ, અમદાવાદની ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરી છે. જ્યારે અન્ય બે વોન્ટેડ અહમદ અને આમીદની શોધખોળ માટે તજવીજ શરૂ કરી છે. પશુઘાતકી અધિનીયમ તથા ગુજરાત એનીમલ કુએલ્ટી એન મુજબ તમામ વિરૂદ્ધ ગુનો દાખલ કરી સઘન તપાસ શરૂ કરી છે.

## સફળતા મળે...

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સફળતા મળી હતી. માણસાની બેઠકના ભાજપના ધારાસભ્ય મંગળદાસ પટેલના અવસાનથી યોજાયેલી પેટાચૂંટણીમાં કોંગ્રેસ વિજેતા થયેલી છે.

સિમાંકન પછી બેઠકોનું વિભાજન થતાં ગાંધીનગર ઉત્તર અને દક્ષિણની બેઠક સર્જાઇ છે. એ સાથે કલોલ, માણસા અને દહેગામની ગણતરી કરતાં કુલ પાંચ બેઠકો આ જિલ્લાને ફાળે આવેલી છે. ગાંધીનગરની પાંચ બેઠકોમાં કુલ મતદારોની સંખ્યા ૯.૯૦ લાખ થાય છે જે પૈકી ગાંધીનગર દક્ષિણમાં સૌથી વધુ ૨.૪૦ લાખ મતદારો છે.

## સમિતિઓની રચના કરાશે

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પાર્લામેન્ટરી બોર્ડની બેઠકોનો દોર હાથ ધરવામાં આવશે અને તેમાં પ્રથમ તબક્કામાં યોજાનારી ૮૫ બેઠકની ચૂંટણી માટેના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે અને નવેમ્બરના બીજા સપ્તાહમાં બાકીની ૯૭ બેઠકો માટેના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રદેશ ભાજપ દ્વારા ચૂંટણી પ્રચાર માટેના સ્ટાર પ્રચારકોની એક યાદી તૈયાર કરીને ચૂંટણી પંચને મોકલી આપી છે.

## ગાંધીનગરમાં નવરાત્રી

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કલ્ચરલ ફોરમના ગ્રાઉન્ડમાં ખેલૈયાઓ અને દર્શકોની સંખ્યા બેવડાઈ ગઈ છે. મોંઘાદાટ વસ્ત્રો પહેરી અવનવી સ્ટાઈલમાં ગરબે ઝુમતા ખેલૈયાઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. દર્શકોની સંખ્યા પણ ખુબ વધી છે. ખેલૈયાઓને જોવા આવતા અને ગરબા સાંભળવા આવતા દર્શકો ગરબા પુરા થાય ત્યાં સુધી બેસી રહે છે. રંગબેરંગી અને ચળકતા વસ્ત્રો-અલંકારોમાં ઘુમતા ખેલૈયાઓથી શહેર ઉભરાય છે.

આ વર્ષે તમામ પાર્ટીપ્લોટના અને સેક્ટરોના ગરબા રાત્રે ૧૨ વાગે જ બંધ થઈ જાય છે. જો કે આ વ્યવસ્થાથી કેટલાક ખેલૈયાઓમાં કચવાટ છે. છેલ્લા બે-ત્રણ દિવસો દરમ્યાન સમયાવધી વધારવાની માંગ પણ કેટલાક ખેલૈયાઓએ આયોજકોને કરી છે.

## અગ્રણી ગભરાય છે

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

નવરાત્રી હોય એટલે દરરોજ એકાદ બે રાજકીય અગ્રણીઓ ગરબા મહોત્સવમાં હાજરી આપે, આરતી ઉતારે અને કેટલાક સ્થળોએ પ્રવચન પણ આપે તેવો સીરસ્તો છે. લોકસંપર્ક માટે નવરાત્રી આદર્શ હોઈ રાજકીય અગ્રણીઓ તેનો ભરપુર લાભ લેતા હતા પરંતુ આ વર્ષે ગરબા ગ્રાઉન્ડમાં રાજકીય અગ્રણીઓની ગેરહાજરી ઉડીને આંખે વળગે છે. આરતી ઉતારવી, માઈક પર પ્રવચન આપવુ અને તે દ્વારા ધાર્મિક ઉત્સવનો રાજકીય ઉપયોગ કરતાં તેના પર ચૂંટણી પંચે પ્રતિબંધ લાદી દીધો છે. આચારસંહિતાના ભંગની ચીમકી ચૂંટણીપંચે આપી હોવાથી રાજકીય આગેવાનો ગરબા ગ્રાઉન્ડ પર આવતા ગભરાય છે. ગરબા જોવા જવાની છૂટ હોવા છતાં આગેવાનો રીસ્ક લેવા માંગતા નથી.

## જાહેર નિવિદા નં-૬ સને ૨૦૧૨-૨૦૧૩

(ફકત વિદ્યુત ઈજારદારશ્રીઓ માટે)

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેકટર-૧૬, ગાંધીનગર દ્વારા વીજળીકરણને લગતા ૩ કામની અંદાજીત કિંમત રૂ. ૧,૧૯,૯૭૭.૯૦ થી ૨,૯૯,૦૮૬.૨૫ સુધીની છે. યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ વિદ્યુત ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૨૫/૧૦/૨૦૧૨ છે અને પરત મેળવવાની છેલ્લી તા. ૩/૧૧/૨૦૧૨ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટિસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટિસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૬૧૬/૧૨-૧૩

વળતર... વળતર... વળતર...
નવરાત્રી, ગાંધી જયંતિ અને દિવાળીના તહેવારો નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ વર્ષમાં ફક્ત એક જ વખત તદ્દન નવી વેરાયટી નવા સ્ટોક સાથે
સ્પે. ઑફર 20% ડિસ્કાઉન્ટ પડદાના કાપડ ઉપર
તા. ૨-૧૦-૨૦૧૨ થી ૧૩-૧૧-૨૦૧૨ સુધી
તેમજ હેન્ડલુમની તદ્દન નવી વેરાઈટીઓ, ટેરી ખાદી, પોલીસ્ટર ખાદી, કોટન ખાદી, ચાદર, ટુવાલ, લુંગી, આશનપટ્ટા, શેતરંજી, ચોરસા, સોફાબેક, ડ્રેસ મટીરીયલ્સ તેમજ હેન્ડલુમની અન્ય વેરાઈટી ઉપર ખાસ 10% ડિસ્કાઉન્ટ
ભારત હેન્ડલુમ — દુ.નં.૧૬, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર ફોન : ૨૩૨ ૨૫૧૧૦
સર્વોદય હેન્ડલુમ — પ્લોટ-૨૧૭, દુ.નં.૧૪, શાકમાર્કેટ પાછળ, સેક્ટર-૨૧, ગાંધીનગર ફોન : ૨૩૨૩૦૩૧૦
રવિવારે શો-રૂમ ચાલુ છે

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી
FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :- શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O): 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT
Kisan
VINAYAK 500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
Dr. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ